
# શંભુ



ગુપ્તિપાડાના વિશ્વંભર બાબુ પાલખીમાં બેસીને સપ્તગામ જઈ રહ્યા છે. ફાગણ મહિનો છે. પરંતુ હજી ટાઢ બહુ પડે છે. થોડા વખત પહેલાં લગભગ અઠવાડિયા સુધી વરસાદ પડી ગયો છે. વિશ્વંભર બાબુના શરીર પર એક જાડો ધાબળો છે. પાલખીની સાથે ચાલી રહ્યો છે તેમનો નોકર શંભુ. એના હાથમાં લાંબી લાકડી છે. પાલખીના છાપરા પર દવાઓની પેટી દોરી વડે બાંધેલી છે. શંભુના શરીરમાં ઘણું જોર છે. એક વાર કુંભિરાના જંગલમાં એ રીંછના પંજામાં સપડાયો હતો. સાથે બંદૂક હતી નહિ; પણ લાઠી તો હતી ને ! એ લાઠી લઈને રીંછની સાથે તેણે લડાઈ કરી. શંભુના હાથની લાઠીનો માર ખાઈને રીંછની કરોડ ભાંગી ગઈ. એનામાં ઊભા થવાનીયે શક્તિ રહી નહિ. બીજી એક વાર શંભુ વિશ્વંભર બાબુની સાથે સ્વર્ણગંજ ગયો હતો. ત્યાં પદ્મા નદીના ભાઠામાં રસોઈ પકાવવાની હતી. ઉનાળાની બપોરનો સમય હતો. પદ્માના કાંઠે નાનાં નાનાં આમલીનાં ઝાડોનું જંગલ હતું. ચૂલો પેટાવવો જ જોઈએ. દાંતરડા વડે શંભુએ આમલીનાં ડાળાં કાપી એની ભારી બાંધી. તાપ અસહ્ય હતો. તરસ ખૂબ લાગી હતી. શંભુ નદીમાં પાણી પીવા ગયો. એવામાં એણે જોયું તો એક વાછરડાને મગરે પકડ્યો હતો. એક કૂદકો મારી શંભુ પાણીમાં પડી મગરની પીઠ પર ચડી બેઠો, અને દાતરડા વડે મગરના ગળામાં ઘા કરવા લાગ્યો. મગરે ત્રાસીને વાછરડાને છોડી દીધો. શંભુ તરીને કિનારા પર આવી ગયો.

વિશ્વંભર બાબુ દાક્તર છે. દરદીને જોવા દૂરના ગામે જાય છે. ત્યાં સ્ટીમર-ઘાટના સ્ટેશન માસ્તર મધુ વિશ્વાસનો નાનો છોકરો અમ્લશૂળથી બહુ પીડાતો હતો.

વિષ્ણુપુરની પ્રશ્ચિમે આવેલા વિશાળ મેદાનમાં જ્યારે પાલખી આવી ત્યારે સાંજ પડવા આવી હતી. ગોવાળ ગાયો લઈને પાછો ફરતો હતો. વિશ્વંભર બાબુએ એને બોલાવીને પૂછ્યું : અરે, ભાઈ સપ્તગામ અહીંથી કેટલું આઘું ?

ગોવાળે કહ્યું : ‘જી, એ તો અહીંથી બહુ આઘું – સાત કોશ થાય ! આજે ત્યાં જવાનું ન રાખશો. રસ્તામાં ભીષ્મહાટનું મેદાન આવે છે, તેની પાસે સ્મશાન છે. ત્યાં ડાકુઓનો ભય છે.’

દાક્તરે કહ્યું : ‘પણ બાપુ, દરદી બહુ પીડાય છે, ગયા વિના મારો છૂટકો નથી !’

તિલ્પનિ તળાવ આગળ પાલખી પહોંચી ત્યારે રાતના દશ વાગી ગયા હતા. તે વખતે ગાંઠ છૂટી જવાથી પાલખીના છાપરા પરથી દાક્તરની દવાઓની પેટી નીચે પડી ગઈ. દિવેલની શીશી ભાંગીને ચૂરા થઈ ગઈ. પેટી તો ફરીને મજબૂત બાંધવામાં આવી. પરંતુ વળી બીજી આફત આવી. તળાવ વટાવી બેક કોશ આગળ ગયા હશે એવામાં કડકડ કરતો પાલખીનો ડાંડો ભાંગી ગયો – પાલખી જમીન પર પડી ! પાલખી હલકી જાતના લાકડાની હતી, અને વિશ્વંભર બાબુનું શરીર સ્થૂલ હતું.

એવામાં પાલખી ઊંચકનારાઓના આગેવાન બુદ્ધુએ આવી કહ્યું : ‘પે....લા કોઈ આવે – ડાકુ જ છે, એમાં શંકા નહિ !’

વિશ્વંભર બાબુએ કહ્યું : ‘એમાં બીવાનું શું છે ? તમે બધા છોને !’

બુદ્ધુએ કહ્યું : ‘બલ્ગુ ભાગી ગયો, પલ્લુ પણ દેખાતો નથી – બક્સી પેલી ઝાડીમાં સતાઈ ગયો છે; અને બીકથી વિષ્ણુના હાથપગ ઠરી ગયા છે.’

આ સાંભળી દાક્તર તો ભયથી કંપી ગયા. તેમણે બૂમ પાડી : ‘શંભુ !’

શંભુએ કહ્યું : ‘જી !’

દાક્તરે કહ્યું : ‘હવે શું થશે?’

શંભુએ કહ્યું : ‘બીવાનું કારણ નથી, હું છું ને !’

દાક્તરે કહ્યું : ‘એ લોકો પાંચ જણ છે.’

શંભુએ કહ્યું : ‘અને હું શંભુ છું.’

આમ કહી ઊભા થઈ એક છલંગ મારી તેણે ગર્જના કરી કહ્યું : ‘ખબરદાર !’

ડાકુઓ અટ્ટહાસ્ય કરી આગળ આવવા લાગ્યા. હવે શંભુએ પાલખીનો પેલો ભાંગેલો ડાંડો ઉપાડી એમની સામે છૂટો માર્યો. એના એક ઘાએ એકીસાથે ત્રણ જણા ધૂળ ચાટતા થઈ ગયા. પછી શંભુ લાઠી વીંઝતો એમની ઉપર તૂટી પડ્યો – બાકીના બે જાય ભાગ્યા !

હવે દાક્તર બાબુએ કહ્યું : ‘શંભુ.’

શંભુએ કહ્યું : ‘જી.’

વિશ્વંભર બાબુએ કહ્યું : ‘પેલી દવાની પેટી કાઢ !’

‘કેમ, દવાની પેટીનું શું કામ પડ્યું ?’

દાક્તરે કહ્યું : ‘આ ત્રણ જણાની દવા કરવી જોઈએ. પાટા બાંધવા પડશે.’

તે વખતે રાત બહુ થોડી બાકી હતી. વિશ્વંભર બાબુ અને શંભુ બે જણાએ મળીને ત્રણ જણાની સેવા શુશ્રૂષા કરી.

સવાર થઈ છે. વિખરાયેલાં વાદળાંની અંદરથી સૂર્યનાં કિરણો વેરાય છે. એક એક કરીને બધા પાલખી ઊંચકનારા પાછા આવે છે. બલ્ગુ આવ્યો, પલ્લુ આવ્યો, બક્સીનો હાથ પકડીને વિષ્ણુ આવ્યો – તે વખતે પણ તેની છાતી ભયથી ધડકતી હતી !

લેખક : રવીન્દ્રનાથ ઠાકુર